# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-01-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GOVT MARUTI SUZUKI

ગાંધીનગરના ખોરજ ખાતે મારૂતિ સુઝૂકી ઇન્ડિયા લિમિટેડ દ્વારા 35 હજાર કરોડ રૂપિયાના રોકાણ થકી વાહનોના ઉત્પાદનનો પ્લાન્ટ તૈયાર કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજ્ય સરકાર અને મારૂતિ સુઝૂકી વચ્ચે રોકાણ માટેના પત્ર સોંપવાનો કાર્યક્રમ ગાંધીનગરમાં યોજાયો હતો. તે મુજબ કંપની દ્વારા કરાયેલા રોકાણ થકી અંદાજે 12 હજારથી વધુ લોકોને રોજગારીની તક મળશે.

તેમ જ આસપાસના વિસ્તારોમાં આનુષંગિક એકમ તથા સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ – MSME એકમ વિકસાવવાથી સાડા સાત લાખથી વધુની પરોક્ષ રોજગારીનું સર્જન થવાની પણ શક્યતા છે. આ પરિયોજનાથી રાજ્યની ઑટોમોબાઇલ કેન્દ્ર તરીકેની ઓળખ વધુ મજબૂત બનશે એવો વિશ્વાસ રાજ્ય સરકારે વ્યક્ત કર્યો છે.

. . . . . . . . . . . . .

# HARSH SANGHAVI ON POCSO

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યમાં બાળકી અને મહિલાઓ સામેના ગુનાઓ માટે સરકારની શૂન્ય સહિષ્ણુતાની નીતિ સ્પષ્ટ હોવાનું જણાવ્યું. અમદાવાદમાં શ્રી રાજપૂત વિદ્યાસભા દ્વારા આયોજિત ચતુર્થ સમૂહ લગ્નોત્સવમાં સંબોધન કરતાં તેમણે કહ્યું, રાજકોટમાં આટકોટ પોક્સો કેસમાં પ્રાથમિક તપાસ અહેવાલ - F.I.R.થી લઈ સજા સુધીની

સમગ્ર પ્રક્રિયા માત્ર 40 દિવસમાં પૂર્ણ થઇ છે. તેમણે આ કાર્યવાહી બદલ રાજકોટ પોલીસ, સરકારના વકીલો અને સમગ્ર ન્યાયિક તંત્રને અભિનંદન પાઠવ્યા છે.

**(BYTE: HARSH SANGHAVI, DyCM & HOME MINISTER)**

. . . . . . . . . . . . .

# RAJYAPAL ATAL BRIDGE

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે હિમાચલ પ્રદેશના પ્રતિનિધિમંડળ સાથે અમદાવાદ ફ્લાવર શૉ અને અટલ બ્રિજની મુલાકાત લીધી. 'ભારત એક ગાથા' વિષયવસ્તુ પર આધારિત ફ્લાવર શૉમાં રાજ્યની કળા, સંસ્કૃતિ સહિત વિકાસના મૉડેલની હિમાચલ પ્રદેશના મહેમાનોએ પ્રશંસા કરી.

ઉલ્લેખનીય છે કે, સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાયેલા ફ્લાવર શૉને 29 જાન્યુઆરી સુધી લંબાવવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . .

# JADUI PITARA EDUCATION

રાજ્યની તમામ સરકારી બાળવાટિકા તથા ધોરણ એક અને બે-ના વિદ્યાર્થીઓ "જાદુઈ પિટારા"થી આનંદદાયી શિક્ષણ મેળવશે. બાળકો ગોખણિયા શિક્ષણની જગ્યાએ પ્રવૃત્તિલક્ષી શિક્ષણ મેળવે તે માટે રાજ્ય

સરકારે આ પહેલ કરી છે. જાદુઈ પિટારા થકી બાળકોને રમત, કળા, સંગીત, નવાચાર, પ્રવૃત્તિ-પ્રૉજેક્ટ, સહપાઠી શિક્ષણ,  મહાવરો, મૂલ્યાંકન જેવા વિવિધ પ્રયાસથી રમકડાં આધારિત શિક્ષણ આપનારું ગુજરાત પ્રથમ રાજ્ય હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

રાજ્ય સરકાર દ્વારા તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળવાટિકા તેમજ ધોરણ એક અને બે-ના બાળકો માટે 74 હજારથી વધુ "જાદુઈ પિટારા" આપવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. આ પિટારાનો રાજ્યના 12 લાખ 35 હજારથી વધુ વિદ્યાર્થીઓને સીધો લાભ મળશે.

. . . . . . . . . . . . .

# AMDAVAD STATION TRAFFIC BLOCK

પશ્ચિમ રેલવેના અમદાવાદ મથક પર ટ્રાફિક બ્લૉકના કારણે આવતીકાલે કેટલીક ટ્રૅન પ્રભાવિત અને રદ રહેશે. તે મુજબ, વલસાડ-વડનગર-વલસાડ ઇન્ટરસિટી સુપરફાસ્ટ ઍક્સપ્રેસ, મણિનગર-વડોદરા-વટવા ઇન્ટરસિટી ઍક્સપ્રેસ, વડોદરા-વટવા-વડોદરા મેમુ, વડોદરા-વટવા-આણંદ મેમુ, વડોદરા-વટવા-આણંદ મેમુ અને વડોદરા-વટવા-વડોદરા સંકલ્પ ફાસ્ટ પૅસેન્જર ટ્રેન સંપુર્ણ રદ રહેશે.

જ્યારે વલસાડ-અમદાવાદ ગુજરાત ક્વિન ઍક્સપ્રેસ ટ્રેન વટવા મથક પર શૉર્ટ ટર્મિનેટ થશે તથા વટવા અને અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. જ્યારે મુંબઈ સૅન્ટ્રલ-અમદાવાદ ગુજરાત સુપરફાસ્ટ

એક્સપ્રેસ વટવા મથક પર શૉર્ટ ટર્મિનેટ થશે. તો, વટવા અને અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

. . . . . . . . . . . . .

# KACHCHH BHUKAMP

કચ્છમાં આજે ફરી ભૂકંપના આંચકાઓ અનુભવાયા હતા. ગાંધીનગરની ભૂકંપશાસ્ત્રીય સંશોધન સંસ્થાના પ્રભારી નિદેશક ડૉક્ટર સંતોષ કુમારે કહ્યું, રાત્રે એક વાગ્યેને 22 મિનિટે ચાર પૂર્ણાંક એકની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તેનું કેન્દ્ર બિન્દુ ખાવડાથી 55 કિલોમીટર દૂર પાકિસ્તાનમાં નોંધાયું છે. કચ્છમાં ઍક્ઝિટ ફૉલ્ટ લાઈનના કારણે ભૂકંપ આવ્યો હોવાનું પણ અનુમાન છે.

**(BYTE: DR SANTOSH KUMAR, INCHARGE DIRECTOR, I.S.R.)**

. . . . . . . . . . . . .

# MEHSANA WASTE

**મહેસાણા મહાનગરપાલિકા દ્વારા શોભાસણ માર્ગ પર ફ્રેશ વૅસ્ટ પ્રિ-સૉર્ટિંગ પ્લાન્ટ તૈયાર કરાયો છે. તેની મદદથી શહેરમાં દરરોજ ઉત્પન્ન**

થતા અંદાજે 130 ટન ભીના અને સુકા ગહન કચરા માટે વૈજ્ઞાનિક ઢબે કામ કરાશે. આ કચરામાંથી ખાતર અને ફરીથી ઉપયોગમાં લઈ શકાય તેવી વસ્તુઓ અલગ કરાશે. ભીનો અને સુકો કચરો અલગ નિકાલ કરવા નાગરિકોને જાગૃત પણ કરાશે.

. . . . . . . . . . . . .